માનસી શ્રોફ



સંચાયતા ગજાપતિ રાજુ

# સમાજસેવાનું બીજું નામ...

આખાય ભારતને 'એક પરફેક્ટ કન્ટ્રી' બનાવવાનું વિઝન ધરાવતી આ યુવાન સમાજસેવિકાએ બહુ નાની ઉંમરે બહુ મોટાં મોટાં સેવાકાર્ય કર્યાં છે.

*જીવનમાં અતિ મહત્ત્વની બાબત કઈ?*

એ જ કે ભગવાને આપેલી જિંદગીનો તમે કેવોક ઉપયોગ કરો છો... તમે બીજા માટે-આ દુનિયા માટે શું કરો છો... અલબત્ત, એવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી કે જે વ્યક્તિ બીજાનાં દુ:ખદર્દ ઓછાં કરવામાં પોતાના તરફથી બનતા પ્રયત્ન કરે છે-સેવા કરે છે એ હકીકતમાં માણસ તરીકે અવતરવાનું ઋણ ચૂકવે છે.

*નાની ઉંમરમાં જ જો સમાજસેવા કરવાનો લહાવો મળે તો?*

દરેક વ્યક્તિ જો કે એ જવાબદારી પૂરેપૂરી નિભાવી નથી શકતી, પણ સંચાયતા ગજાપતિ રાજુની વાત જુદી છે.

ત્રીસેક વર્ષની આ યુવતીને તાજેતરમાં જ *ગૂગલ સોશિયલ ઈમ્પેક્ટ-૨૦૧૩ એવૉર્ડ*થી નવાજવામાં આવી. આંતરરાષ્ટ્રીય સ્તરે કુલ દસ ફાઈનલિસ્ટમાં એ *ફૅન ફેવરીટ* તો હતી જ, સાથે સાથે જજની પણ પ્રિય હતી. આ એવૉર્ડ થકી એને ત્રણ કરોડ રૂપિયાનું પ્રાઈઝ મની મળ્યું. એટલું જ નહીં, *સોશિયલ આન્ત્રપ્રેન્યૉર* તરીકે એ દુનિયાભરમાં જાણીતી થઈ.

અમુક ખાસ વ્યક્તિઓનાં લોહીમાં જ સેવા વણાયેલી હોય છે. હૈદરાબાદમાં જન્મેલી સંચાયતા સાંસદ રહી ચૂકેલાં ઉમા ગજાપતિ રાજુ અને જાણીતા ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર રમેશ શર્માની દીકરી છે. બાળપણની યાદો તાજી કરતાં સંચાયતા કહે છે:

'મારો ઉછેર દિલ્હી અને વિશાખાપટ્ટનમમાં થયો. મારા સ્કૂલના દિવસો દરમિયાન મારાં મમ્મી અને પપ્પાનો મારા પર ગજબનો પ્રભાવ રહ્યો. મારાં મમ્મી એ વખતે *લાઈફલાઈન એક્સપ્રેસ* નામે મોબાઈલ હૉસ્પિટલ સાથે સંકળાયેલાં હતાં. આ હૉસ્પિટલનું કામ હતું સમાજના પછાત વર્ગને યોગ્ય સમયે યોગ્ય સારવાર મળે એ જોવાનું. પરિણામે મમ્મી સાથે હું ઘણાં આદિવાસી ગામડાંમાં ફરતી. આ ઉપરાંત, મારાં મમ્મી સમાજસેવા પણ કરતાં. પરિણામે ભારતનાં ઘણાં ગામડાંમાં હું પણ એમની સાથે ફરી છું. એવાં એવાં ગામડાં જોયાં છે મેં કે જીવનજરૂરિયાતની વસ્તુઓ પણ ત્યાંના લોકો માટે દુર્લભ હોય. નાનપણમાં આ બધા જ અનુભવની મારા પર ખાસ્સી અસર થઈ.'

સંચાયતાએ સ્કૂલ બાદ પોલિટિકલ સાયન્સ લઈને *બીએ* કર્યું અને ત્યાર બાદ દિલ્હીથી જ *એલએલબી*નું ભણી. સામાન્ય યંગસ્ટર જેવી લાઈફસ્ટાઈલ જીવતી અને મજામસ્તી કરતી સંચાયતા પોતાનાં કામ અને કારકિર્દી બાબતે સ્પષ્ટ હતી એટલે જ ભણતાં ભણતાં સંચાયતા એના પપ્પાની મિડિયા કંપનીમાં નાનું-મોટું કામ કરતી રહેતી. સંચાયતા એ જ વખતનો એક ખાસ અનુભવ શૅર કરતાં કહે છે:

'બાબા (પપ્પા)ને છ વખત *નૅશનલ એવૉર્ડ* મળ્યા છે. એ એમનાં કામને કારણે ખૂબ જાણીતા છે. એક વખત એમણે મને એક ડોક્યુમેન્ટરીનાં કામ માટે ગુલબંગા મોકલાવી. કૃષિ સંબંધિત એ ફિલ્મ માટે મેં ઘણું રિસર્ચ કર્યું. આ આખીય પ્રક્રિયા દરમિયાન મને દેખાયું કે સામાજિક કાર્યવિધિની ખૂબ બહોળા પ્રમાણમાં જરૂરિયાત છે. જડમૂળથી કામ કરવું હોય તો સમાજસેવા જ ઉત્તમ માર્ગ છે.'

બસ, આ જ વિચારે જન્મ આપ્યો સંચાયતાને એના નૉન-પ્રૉફિટેબલ ઑર્ગેનાઈઝેશન *સના* (એસએએનએ-સોશિયલ અવેરનેસ ન્યુઅર ઑલ્ટરનેટિવ્ઝ)ને. ૨૦૧૧માં સંચાયતાએ આ ટ્રસ્ટ સ્થાપ્યું ત્યારે એની ઉંમર હતી માત્ર પચ્ચીસ વર્ષ. ટેક્નોલૉજીની મદદથી સમાજસેવાને બહેતર બનાવી શકાય એ



હેતુસર સંચાયતાએ શરૂ કર્યો *શુદ્ધ પાણી* ઉપરાંત શૌચાલય સંબંધિત પ્રોજેક્ટ. સંચાયતા કહે છેઃ

'૬૦ લાખથી વધુ લોકો પાસે શૌચાલય જેવી મૂળભૂત જરૂરિયાત નથી તેમ જ પચાસ ટકાથી વધુ લોકોને ઘરે પીવાનું શુદ્ધ પાણી નથી મળતું. પરિણામે અમારો પહેલો પ્રોજેક્ટ પૂર્વ દિલ્હીની શાળાઓમાં શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાને લગતો હતો. અમે એ માટે સૌરઊર્જાથી ચાલતું કૉમ્પેક્ટ વૉટર પ્યોરિફાઈંગ સ્ટેશન બનાવ્યું. આ ટેક્નોલૉજીને કારણે અમે ૫૦૦૦ લિટર શુદ્ધ પીવાનું પાણી ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી શક્યાં. આ વિદ્યાર્થીઓ ખૂબ નીચલા વર્ગમાંથી આવતા હતા. આવા દરેક વિદ્યાર્થીને અમે રોજનું પાંચ લિટર શુદ્ધ પાણી આપવાનું શરૂ કર્યું. આજે અમે ૨.૫ મિલિયન લિટર્સ પાણી સ્કૂલમાં જ પહોંચાડીએ છીએ.'

સંચાયતા દિલ્હી અને આંધ્ર પ્રદેશના વિસ્તારોમાં સમાજના પછાત ગણાતા વર્ગને પોતાની સંસ્થા દ્વારા સહાય કરે છે. *ગૂગલ સોશિયલ ઈમ્પેક્ટ એવૉર્ડ*ના પ્રાઈઝ મની થકી હવે એ એનું કામ ખૂબ વિસ્તારવા માગે છે. લગભગ ૧૮ મિલિયન લિટર શુદ્ધ પીવાનું પાણી અને ૨૦૦ જેટલી કમ્યુનિટી માટે ટોઈલેટ્સ પણ બનાવવા માગે છે.

માત્ર બે-અઢી વર્ષમાં સંચાયતાની સંસ્થાએ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની ઉત્તમ ઑર્ગેનાઈઝેશનનું સ્થાન મેળવી લીધું છે. સંચાયતા હજી ઘણાં બધાં નાનાં-મોટાં નૉન-પ્રૉફિટ ઑર્ગેનાઈઝેશન સાથે સંકળાઈને વધુ કામ કરવા માગે છે. એટલું જ નહીં, હેલ્થ-કૅર, એજ્યુકેશન, ગ્રીન સોલ્યુશનમાં પણ એની સંસ્થા *સના* કાર્યરત છે!

ભવિષ્યની યોજના માટે અતિ ઉત્સાહી એવી સંચાયતા *પ્રિયદર્શિની*ને કહે છેઃ

'અમે લોકો દસેક ગામડાં પસંદ કર્યાં છે, જ્યાં બાયો-ટોઈલેટ્સ બનાવીશું અને પીવાનું શુદ્ધ પાણી પહોંચાડીશું. આ ઉપરાંત, આંધ્ર પ્રદેશનાં સૌથી વધુ એવાં ગામડાં છે, જેમાં પણ આ પ્રકારની સુવિધા આપવી છે. હરિયાણા રાજ્યમાં જલદીથી કામ શરૂ કરવાનાં છીએ.'

આ બધી વાત કરે છે ત્યારે સંચાયતાની નિર્દોષ આંખોમાં આખાય ભારતને *એક પરફેક્ટ કન્ટ્રી* બનાવવાનું સપનું રમતું તમને અચૂક દેખાશે!